ગાંધીનગર સમાચાર

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

કોરોનાએ જીભને અ-સ્વાદ બનાવી દીધી,
માનસિક રોગે જિંદગી બે-સ્વાદ બનાવી દીધી,
રહ્યો ન રસાસ્વાદ નાક વિનાના જીવતરમાં -
કાનને ખોટા આંકડાનો આસ્વાદ બનાવી દીધાં
(કોરોનાકાળ પછી માનસિક રોગો વધ્યા)

હાઈકુ

પડે પડઘા
કોરોના પ્રત્યાઘાતે
જિંદગી પર

એકાંત રાખી
ગાંડા બનાવી નાખ્યા
આડઅસર!

ચિંતન

મન કા મસ્તક મૂંડ લે, કામ ક્રોધ કા કેશ,
જો પાંચો કે વશ કરે, તો ચેલા, સબ દેશ

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

આવા સાધુના વેશધારીઓને કોઈ પણ રાતે કંઈ પણ કરી, સાચા ખોટા ઉપદેશ આપી મોટા મહાત્મા હોવાનો દેખાવ ઊભો કરે છે. અને અનેક અંધશ્રદ્ધાળુઓ તેના ચેલા બને છે. આવા સાધુના સ્વાંગમાં ફરનારાઓને કબીર કહે છે કે અંધશ્રદ્ધાળુઓ તારા અનુયાયીઓ નજર બનશે પણ દેશ અને દુનિયા તને અનુસરે તેવી તારી ઈચ્છા હોય તો હું કહું તેઓ સાધુ બન! પ્રથમ મનરુપી મસ્તક પરથી કામક્રોધ અને અહંકાર રુપી કેશ ને મૂંડીને દૂર કર. જો તું મન અને પાંચે ઈન્દ્રિયોને વશ કરીશ તો દુનિયાના માનવીઓ તારા ચેલા બનશે.

સાધુબાવાનો વેશ પહેલી લેવો કે મૂંડ મંડાવી થયા સન્યાસી. એ તો સરળ છે પણ મનરુપી મસ્તક મૂંડાવવું જોઈએ ઈચ્છાનો ત્યાગ કરી કારક્રોધ - લોભમોહ અને અહંકાર ને દૂર કરવો જોઈએ તો જ સાચા-સંત મહાત્મા બની શકાય.

સુવિચાર

- કોઈ મેરા બુરા કરે, વો કર્મ ઉસકા, મૈં કિસી કા બુરા ન કરું યહ ધર્મ મેરા - **નમ્રતા પરિખ**
- વાળ્યા પછી ઊગવાની આશંકા સેવનાર કયારેય લાણી
  શકવાનું સામર્થ્ય કેળવી શકતો નથી - **જોગી જસદણવાળા**
- જીંદગીના અનુભવે સમજાયું કે.... 'લાગણી' આપણી,
  'સંબંધ' આપણો, 'નિભાવો' ત્યારે ખબર પડે, કોણ છે 'આપણું' - **હંસા કોટડીયા**
- કોઈ કોઈ વાર ચૂપ થઈ જવું, એ જ એક ઈલાજ છે,
  કોઈને અહેસાસ કરાવવા માટે કે તેનાથી કંઈક ખોટું થયું છે - **અમૃતબિંદુ**
- ઝેર મરવા માટે ઓછું અને જીવવા માટે વધુ પીવું પડે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આપણી પાસે કાંઈ જ ન હોય એ કરુણતા નથી,
  પણ આપણું કોઈ જ ન હોય એ કરુણતા છે - **કાંતિ ભટ્ટ**
- આજનું ઔષધ : લવિંગના તેલમાં બુરુ ખાંડ નાખી સુંઘવાથી શરદીમાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ઈરાનના દરિયાદિલ અને દાનેશ્વરી રાજા પાસે એક ફકીર ખૈરાત મેળવવાના ઈરાદા સાથે પહોંચ્યો. ફકીર ખુદાપરસ્તી સાથે જીવતો હતો. અને ખુદાનો સાચો બંધો હતો. આથી જ રાજાએ તેમને આમંત્રણ આપ્યું હતું. ફકીર પહોંચ્યો ત્યારે શહેનશાહ ખુદાની બંદગીમાં વ્યસ્ત હતા. રાજાના દિવાનખંડમાં રાહજોતા જોતા ફકીરને વિચાર આવ્યો કે શહેનશાહ ખુદ ખુદાની બંદગી કરીને એની પાસે માગે છે અને પોતે ? પોતે પણ એવાજ કોઈ મકસદથી શહેનશાહ પાસે આવ્યો છે. નેક ફકીર વિચારમાં ડૂબી ગયો. એવામાં શહેનશાહ ફકીર પાસે આવ્યા અને એમને ઈંતેજાર કરવો પડ્યો તે માટે ક્ષમાયાચના કરી. પોતાના સિપાઈને ખૈરામાં આપવા સોના મહોરો લાવવા કહ્યું. સેવક ખૈરાતમાં આપવા સોના મહોર લઈને આવ્યો. રાજાએ ખૈરાત સ્વીકાર કરવા અરજ કરી. ત્યારે ફકીરે ઈન્કાર કર્યો અને કહ્યું, 'શહેનશાહ, આવ્યો હતો ખૈરાત લેવા પણ હવે મને બધું જ મળી ગયું છે.' શહેનશાહે આશ્ચર્ય સાથે કહ્યું, 'અરે, આપ તો આ મુદ્રા લેવા ઈન્કાર કરો છો અને પાછા કહો છો કે મને બધું મળી ગયું છે ? ફકીરે કહ્યું, 'હા' મને બધું મની ગયું છે હું જ એની પાસેથી સીધેસીધું ન માગું? આમા મારે તમારી દલાલીની જરૂર નથી. જે ખુદા તમને આપે છે તેની પાસેથી હું પામીશ જ ને. બરાબર ને!!' ખુદાના બંદાની વાત સાંભળી શહેનશાહ રાજી થયા અને કહ્યું, 'વાહ રે ફકીર ધન્ય છે તારી ખુદા પરસ્તીને. સૌ કોઈ ખુદા પાસેથી જ માગે તો ખુદાના બંદાની દલાલીની જરૂર જ નહીં રહે. ખુદા સાથે બધા લોકો ખુદ નો નાતો જોડે તો કેવું સારું?' ફકીર હસતો હસતો ખૈરાત લીધા વગર રવાના થયો.

અમદાવાદની ઐતિહાસિક રથયાત્રા

તંત્રીસ્થાનેથી...

ભગવાન જગન્નાથની દેશભરમાં નીકળતી રથયાત્રાઓ પૈકી સૌથી વધારે પ્રસિદ્ધ તો મૂળ પૂરી અને એના અનુકરણમાં ૧૪૩ વર્ષ પૂર્વે શરૂ થયેલી અમદાવાદના જગદીશ મંદિરની રથયાત્રા છે. ૧૪૪મી રથયાત્રા અમદાવાદના ઈતિહાસનું એક વિશિષ્ટ પ્રકરણ બની રહેશે એમાં શંકાને સ્થાન નથી. ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા અને એમના વિભાગના વરદીધારી અધિકારીઓએ કોરોના સંકટ વચ્ચે આ ઉપક્રમ હેમખેમ પાર પાડ્યો અને તે પણ પરંપરાગત રુટ પર ભગવાનને સપરિવાર નગરચર્યા કરાવીને - એની જેટલી પ્રશંસા કરીએ એટલી ઓછી જ લેખાશે. સરકાર તેમ જ સમાજ સામે આ રથયાત્રા આ વર્ષે પણ મોકૂફ રખી શકાતી હોય, પરંતુ એના પ્રત્યાઘાતો ખૂબ અવળા પડત. શ્રદ્ધાળુ જનતા અને હઠીલા સાધુસંતો માટે આ આઘાત જીરવવો અઘરો બની જાત. શ્રદ્ધાનું રૂપાંતર ઘેલછામાં થાય ત્યારે એ બહુ જ ખતરનાક નીવડી શકે છે. કેટલાંક મહંતોએ તો રીતસર આત્મવિલોપનની ધમકી આપી હતી અને વર્ષોથી મંદિર અને ભગવાન સાથે જોડાયેલી આસ્થા અમદાવાદના નગરજનો માટે પણ કોયડારુપ બની ગઈ હતી. માનવીનું મન જયારે એક વાતનો સાંગોપાંગ સ્વીકાર કરી લઈ એને અધીન થઈ જાય છે ત્યારે એના માટે એ બાબત પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની જાય છે. અમદાવાદના જગદીશ મંદિર સાથે ગુજરાતના ગ્રામીણ વિસ્તારને ભાગ્યે જ કોઈ નાતો હશે. એ લોકોની આસ્થા વળી કયાંક અંબાજી, મહાકાળી, દ્વારકા કે સોમનાથ સાથે કાં તો પછી સ્વામિનારાયણ સંપ્રદાયનાં સ્થાનકો સાથે સંકળાયેલી છે. આમ જુઓ તો ટચૂકડા, અપૂર્ણ હાથ સાથેની કૃષ્ણની મૂર્તિ કરતાં જનસાધારણ તો રાધાકૃષ્ણની નૃત્યમય મુદ્રા અથવા સુદર્શન ચક્રધારી યોગેશ્વર કૃષ્ણની મૂર્તિને અને એથીય વધુ બાળ કાનુડાને કાલાવાલા કરવાનું પસંદ કરે છે. જગન્નાથ એ રીતે ગુજરાત માટે પણ 'નવા ભગવાન' - છે. એ પુરીથી અમદાવાદ આવ્યા છે; ગોકુલમથુરા, દ્વારકા કે ડાકોરથી નહીં. પરંતુ એક વાર પરંપરા શરુ થાય પછી એ ચેપી રોગની જેમ ફેલાતી હોય છે. એટલે રથયાત્રાના અમદાવાદ પૂરતી સીમિત નહીં રહેતા સમસ્ત ગુજરાતનાં નાનાં મોટાં શહેરો અને નગરોનો ઉત્સવ બની રહ્યો છે. આષાઢી બીજ આમ તો ખેડૂતો માટે કૃષિનો મહોત્સવ છે; કચ્છમાં તો ત્યાંના રાજવીના વિજયોત્સવ દિવસને રુએ તે નવા વરસ તરીકે ઉજવાય છે. પરંતુ શહેરી પ્રભાવ હેઠળ રથયાત્રા હવે દેશવ્યાપી નહીં રહેતા વિશ્વભરના હિંદુઓનો માનીતો તહેવાર બની ગયેલ છે. અમદાવાદની 'પોળો' અને 'પુરો' માટે એ વાર્ષિક મહોત્સવ તરીકે જનમાનસમાં સ્થાપિત થઈ ગયેલ હોઈ સરકાર માટે એની સલામત ઉજવણી એ ફરજનો ભાગ બની ગયેલ છે. બે કોમો વચ્ચે સૂત્રોચ્ચાર કે અટકચાળાંના મુદ્દે વડછટ, પથ્થરબાજી અને છૂરાબાજી સુધીની કમનસીબ ઘટનાઓના દોરમાં પણ રથયાત્રા નીકળતી રહી છે. વળી એનો રૂટ બદલવાની કે વિસ્તારવાની રજૂઆતો પણ મંદિર સાથે સંકળાયેલા ભક્તજનોને કયારેય સ્વીકારવા યોગ્ય નથી લાગી. ગયે વર્ષે પહેલી જ વાર રથયાત્રા મોકૂફ રાખવાનો નિર્ણય ભારે હૈયે લેવો પડ્યો હતો. આ વર્ષે પણ એનું પુનરાવર્તન થાય તો સવિશેષ 'હિંદુત્વ' મુદ્દાના રાજકારણ પર વિપરીત અસર થાય એમ હતી. આખરે એ પડકાર ઝીલી લઈ રુપાણી સરકારે જડબેસલાક પ્રતિબંધો સાથે ભગવાનને નગરચર્યા તો કરાવી જ દીધી. શ્રદ્ધાળુ પ્રજાજનોએ ભગવાનને મુખોમુખ થવાની તક નહીં મળ્યાનો વસવસો પણ રજૂ કર્યો, પરંતુ એનું બહુ મહત્ત્વ નથી. ત્રણે રથોને ખલાસી ભાઈઓએ એમને અપાયેલ ટાઈમટેબલ કરતાં પણ વહેલાં નગરયાત્રા કરાવી નિજમંદિરે પહોંચાડી એક અનોખો વિક્રમ સ્થાપ્યો છે. આ તમામ કર્મકાંડમાં ઉજાગરા વેઠીને ખડેપગે સતર્ક રહેનાર રાજયના ગૃહમંત્રી અને એમની પોલીસ ટીમના સભ્યો અભિનંદનના અધિકારી છે. ભગવાન જગન્નાથ અમદાવાદ અને ગુજરાત સહિત દેશ અને દુનિયાને ભીષણ કોરોના પ્રકોપની સંભવિત ત્રીજી લહેરથી બચાવે એવી પ્રાર્થના કરીએ.

આ નવી 'વાગલે કી દુનિયા' જોઈ કે નહીં?

મન-રંજન

દ્વનિલ પારેખ

અત્યારે અનેક ચેનલો પર અનેક પ્રકારના ધારાવાહિકોનો રાફડો ફાટ્યો છે એમાં કેટલાયે ધારાવાહિકો એવા છે કે, જે પાંચ વર્ષથી લગાતાર ચાલી રહ્યાં છે. એમાં 'તારક મહેતા કા ઊલ્ટા ચશ્મા' એ હજી પણ એની લોકપ્રિયતા ટકાવી રાખી છે. એમાં ફુવડપણું ઘણું પ્રવેશી ગયું છે છતાં ધારાવાહિક એની લોકપ્રિયતાની ટોચ પરછે. ભૂતપ્રેત, ધાર્મિક કે પૌરાણિક, ઐતિહાસિક ધારાવાહિકો પણ ચાલી રહ્યાં છે. એમાં અહિલ્યા બાઈને કેન્દ્રમાં રાખીને ચાલતી ધારાવાહિકે પણ લોકપ્રિયતા હાંસલ કરી છે. આ બધા વચ્ચે સોની પર ચાલતી 'વાગલે કી દુનિયા', નવી પીઢી, નયે કિસ્સે એની સંવેદનશીલ રજૂઆતને કારણે જુદી તરી આવે છે.

અંજન શ્રીવાસ્તવ અને ભારતી આચરેકર અભિનિત 'વાગલે કી દુનિયા' દૂરદર્શન પર પૂર્વે રજૂ થતી હતી. ત્યારે પણ આ ધારાવાહિકે લોકપ્રિય થઈ હતી, હવે ગુજરાતી નિર્માતા જમનાદાસ મજીઠિયા (જે.ડી) એ નવા અભિનેતાઓ સુમિત રાઘવન અને પણિતીની જોડી સાથે ફરીથી બનાવી છે. આ નવી 'વાગલે કી દુનિયા' માં અંજન શ્રીવાસ્તવ અને ભારતી આચરેકર પણ છે પણ કેન્દ્રમાં રાજેશ (સુમિત રાઘવન) અને વંદના (પરિવા પ્રણિતી) અને એમનાં બે બાળકો સખી (ચિન્મયી સાવલી) તથા અથર્વ (શીહાન કપાહી) ઘરેલું સમસ્યાઓ, બાળકોના પ્રશ્નો, ફલેટમાં રહેવાને કારણે સોસાયટીના પ્રશ્નો, કોરોનાકાળમાં આવેલી મુશ્કેલીઓ, જીવનના નાના નાના વ્યવહારમાં મૂલ્યો અને પારદર્શિતાનું મહત્ત્વ, મધ્યમ વર્ગની વ્યક્તિના સંઘર્ષ આ બધું જ આ નવી 'વાગલે કી દુનિયા' માં જોવા મળે છે. આ ધારાવાહિકની એક ખાસિયત એ છે કે એ દરેક એપિસોડમાં નવો અને સંવેદનશીલ મુદ્દો રજૂ કરે છે. વળી, અન્ય ધારાવાહિકોની જેમ એ મુદ્દો રબ્બરની જેમ અનેક એપિસોડ સુધી ખેંચાતો નથી. નવો મુદ્દો નવા એપિસોડમાં રજૂ થાય અને એનો સુખદ અંત એ જ એપિસોડમાં આવી જાય. આવતીકાલે નવો એપિસોડ, નવો મુદ્દો, એટલે, આ ધારાવાહિક જોવાની તાજગી પણ બની રહે છે.

રાજેશની મુખ્ય ભૂમિકા ભજવનાર સુમિત રાઘવનનો અહીં વિશેષ ઉલ્લેખ કરવો પડે. થિયેટર સાથે સંકળાયેલા અંજન શ્રીવાસ્તવે પણ એ વખતે યાદગાર ભૂમિકાઓ ભજવી હતી. પણ રાજેશ જે રીતે દરેક મુદ્દાને સંવેદનશીલ દૃષ્ટિકોણથી જુએ છે એ સ્પર્શી જાય છે. એમાં લેખનનો ફાળો પણ એટલો જ મહત્ત્વનો છે. આતિશ કાપડિયાનું લેખન અને દિગ્દર્શન પણ એ રીતે અગત્યનું બની રહે છે. સુમિત રાઘવન અત્યંત સંવેદનશીલ અભિનેતા છે. એની પ્રતીતિ પ્રત્યેક એપિસોડમાંથી થાય છે. એક પતિ, એક પિતા અને એક પુત્ર તરીકે એ બખૂપી પોતાનો અભિનય કરે છે. ખાસ તો એની આંખો દ્વારા એ ઘણું બધું કહી જાય છે. એમાં પણ ભૂતકાળની કોઈ વાતને રજૂ કરતી વખતે એ જ રીતે ઓતપ્રોત થઈ જાય છે, એ દર્શકોની આંખ પણ ભીની કરે છે.

ગુજરાતીઓનો દબદબો હવે ધારાવાહિકોની દુનિયામાં વધતો જાય છે. એણાં પણ સોની સબ પર આવતી ધારાવાહિકોમાં મોટા ભાગના ગુજરાતીઓ જોવા મળે છે. 'વાગલે કી દુનિયા' ના મુખ્ય કર્તાહર્તા જમનાદાસ (જે.ડી.) અને આતિશ કાપડીયા પણ ગુજરાતી છે અને થિયેટર સાથે સંકળાયેલા છે. રહસ્ય, રોમાચં, સાસુ-વહુની લડાઈ, બિઝનસની દુનિયાં ચાલતા કાવાદાવા, ગળે ઉતરી ન શકે એવા ચમત્કારોથી ભરપૂર ધારાવાહિકો જોવાનો કંટાળો આવતો હોય તો આ નવી 'વાગલે કી દુનિયા' અચૂક જોવા જેવી છે.

સમજા કરો યાર, દેર હો ગઈ હૈ, સમજ રહી હું, દેર તો હો ચૂકી હૈ

આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી
vinodjamlani12@gmail.com

એક યુવાન દંપતી છે. પ્રેમલગ્ન કર્યા પછી થોડો સમય વિત્યો છે, પત્નિ અતિ સુંદર છે અને પતિ પણ એટલો જ સોહામણો. એક સાંજે પતિ-પત્નિએ કોઈ એક શુભ પ્રસંગમાં હાજરી આપવાની છે. પતિ તૈયાર થઈ ગયો છે અને પત્નિ પ્રસંગને અનુરૂપ સુંદર પરિધાન સાથે તૈયાર થઈને થઈને પતિ પાસે આવે છે. ત્યાર પછીનાં બંનેનાં સંવાદોઃ

પત્નિ : કૈસી લગ રહી હું મૈ?

પતિ : અચ્છી લગ રહી હો, ચલે?

પત્નિ : ઠીક સે તો દેખો ના, દેવ (પતિનું નામ)

પતિ : અચ્છે સે તો દેખ લીયા સોનાક્ષી (પત્નિનું નામ) અચ્છી લગ રહી હો, અબ ચલે?

પત્નિ : એક હી ઝલકમેં દેખ ભી લિયા ઔર પહલે કી તરહ કોઈ એક્ષ્પર્ટ કોમેન્ટ ભી નહી દીયા.

પતિ : સમજા કરો યાર, દેર હો ગઈ હૈ.

પત્નિ : સમજ રહી હું, દેર તો હો ચૂકી હૈ.

સાકેત ચૌધરી દિગ્દર્શિત એક ટેલિવિઝન ધારાવાહીક ''કુછ રંગ પ્યાર કે ઐએસે ભી'' નું આ એક દશ્ય છે. પત્નિ સોનાક્ષીનું કિરદાર નિભાવે છે એરિકા ફર્નાન્ડીસ અને પતિદેવનાં કિરદારમાં છે શહીર શેખ. એકદમ ટૂંકા અને ખૂબ જ ઓછા સંવાદોવાળું આ ધારાવાહીકનું દ્રશ્ય માત્ર પતિ-પત્ની જ નહી પણ બધા જ પ્રકારના માનવીય સંબંધો અને એ સંબંધોમાં આપણાંવાણી, વર્તન અને વ્યવહાર વિશે ગહન રીતે ઘણા બધા નિર્દેશો આપી જાય છે.

કોઈપણ સ્નેહીજન સાથે જ્યારે આપણાં નવા સંબંધો બંધાય છે, એ સંબંધો ધીમે ધીમે વિકસતા હોય છે અને એ સંબંધો આપણને ખૂબ જ ગમવા લાગે છે ત્યારે એ સંબંધોને આગળ વિકસાવવા અને ગાઢ બનાવવા માટે આપણે પુરા પ્રયત્નો કરતા હોઈએ છીએ. એ સંબંધોમાં સુગંધ લાવવા માટેની એક પણ તક આપણે છોડતા નથી હોતા. એ સંબંધોમાં આપણે સ્નેહીજનની પૂરતી કાળજી લઈએ છીએ, સ્નેહીજનની યોગ્ય સંભાળ લેતા હોઈએ છીએ અને જ્યારેજ્યારે તક મળે ત્યારે તેમની પ્રશંસા પણ કરતા હોઈએ છીએ. પ્રશંસા કરવાની તક ન મળે તો એ તકને આપણે શોધતા ફરતા હોઈએ છીએ અને ક્યારેક મારી-મચડીને પણ તક ઊભી કરતાં હોઈએ છીએ. આપણને ગમતાં નવા સ્નેહત્ન ની દરેક હરકતોના આપણે સાચા વખાણ કે પ્રશંશા તો કરીએ જ છીએ પણ ક્યારેક એ પ્રશંસામાં અતિશયોક્તિ થઈ જાય તો પણ આપણે તેની દરકાર કરતા હોતા નથી ને ક્યારેક સાવ ખોટી પ્રશંશા પણ કરી લેતા હોઈએ છીએ.

સ્નેહીજન આ પ્રકારની કાળજી, તેની સંભાળ, કે તેની પ્રશંશા થકી બંને પક્ષે આનંદ થતો હોય છે અને સંબંધોમાં સુગંધ પુરાતી હોય છે. તેમાંય સોનાક્ષીના શબ્દો પ્રમાણે 'એક્સપર્ટ કોમેન્ટ' થી સ્નેહીજનનું મન ચમન થઈ જતું હોય છે.

સ્નેહીજનની આપણી આ પ્રકારની કાળજીનાં ભાગરૂપે આપણે તેમની દરેક વાત તરફ પૂરતું ધ્યાન દેતા હોઈએ છીએ. તેની વાતોને પુરતું મહત્વ આપતાં હોઈએ છીએ. તે કંઈપણ વાત પૂછે કે પ્રતિભાવ માંગે તો પૂરતી કાળજી સાથે યોગ્ય અને દિલથી પ્રતિભાવ આપતા હોઈએ છીએ. આપણે દિલથી આપેલો પ્રતિભાવ પણ સ્નેહીજન ઉપરછલ્લો પ્રતિભાવ સમજી ન બેસે તેના માટે પણ આપણે પૂરતી તકેદારી રાખતા હોઈએ છીએ. આવું કરવાથી આપણાં એ સ્નેહી સાથેના સંબંધો સોળે કળાએ ખીલી ઉઠતો હોય છે.

સમય પસાર થાય છે. સંબંધો જુના થાય છે ત્યારે આપણાંકેટલાક સંબંધોમાં પહેલાં જેટલી ઉષ્મા નથી રહેતી. બીજા શબ્દોમાં કહીએ તો આપણે પોતે કેટલાક સંબંધો પ્રત્યે ઉત્સાહિત નથી રહેતા. સમય જતા આપણને એ સ્નેહીજન પહેલા જેટલી નથી ગમતી, તેના પ્રત્યે એક પ્રકારનો અણગમો પેદા થઈ જતો હોય છે. એક પ્રકારની સુગ ઊભી થઈ જતી હોય છે.આપણે એ સંબંધોની અને એ સ્નેહીજન એમ બન્નેની અવગણના કરવા લાગીએ છીએ, તેનો અનાદર કરતા રહીએ છીએ. એ સંબંધોમાં ઉષ્મા, હુંફ આદર- સત્કાર, માન-સન્માનને બદલે આપણાં વાણી-વર્તનમાં માત્ર ઔપચારિકતા દાખવતા થઈ જઈએ છીએ અને જાણે-અજાણ્યે ક્યારેક સ્નેહીજનનું અપમાન પણ કરતા રહીએ છીએ. આ પ્રક્રિયા ધીમે ધીમે પણ ક્યારે શરૂ થઈ જતી હોય છે તેની આપણને ખબર પણ નથી રહેતી પણ આપણાં એ પ્રકારના વાણી-વ્યવહારનો પ્રતિભાવ પણ એનેહીજન તરફથી એ પ્રકારના જ મળતાં થાય છે ત્યારે આપણને એહસાસ થાય છે કે ''ઓહ,આ સંબંધો ક્યાં પહોંચી ગયા!''

સંબંધોનાં વ્યવહારોમાં ઘણીવાર આપણે આપણી જાતને હોશિયાર કે સમજદાર માનતા હોઈએ છીએ. સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો આપણે આપણી જાતને ''સ્માર્ટ'' માનતા હોઈએ છીએ. આપણે સ્નેહીજન સાથે માત્ર ઔપચારિક કે હુંફ વગરનાં વ્યવહારો કરવા લાગીએ છીએ ત્યારે આપણે કદાચ એવું માનતા હોઈએ છીએ કે આપણાં સ્નેહીજન કશું સમજતા નથી. હકીકતમાં પરિસ્થિતિ તેનાથી ઉલટી હોય છે. આપણાં સ્નેહીજન આપણાં વર્તન-વ્યવહારને સારી રીતે સમજતા હોય છે. તે આપણાથી વધારે સમજદાર હોય છે પણ આપણી સાથેના સંબંધોને નિભાવવા માટે તે બધું સહન કરતા હોય છે. સંબંધોને જ્યાં સુધી નિભાવી શકાય ત્યાં સુધી નિભાવવા માટે તેઓ કટીબધ્ધ હોય છે તેથી આપણી વધારે પડતી હોશિયારીને તેઓ નઝરઅંદાજ કરતા હોય છે

સોનાક્ષી તેના પતિદેવને કહે છે ''દેર તો હો ચૂકી હૈ'' એમ સંબંધોને સાચવવા અને નિભાવવામાં જ્યારે મોડું થઈ જતું હોય છે ત્યારે બાજી આપણાંહાથમાં નથી રહેતી. ''દેર હો જાતી હૈ'' ત્યારે આપણે બગડેલી બાજી નથી સુધારી શકતા. આવી પરિસ્થિતિમાં ક્યારેક એવું પણ બને કે આપણે એ સંબંધોની સાથે જીવી પણ ન શકીએ અને એ સબંધોથી છૂટા પણ ન થઈ શકીએ. આવી હાલતમાં આપણે અને આપણાંપ્રિયજન બંને એકસાથે ચક્કીમાં પિસાયા કરીએ છીએ અને હાલત પરિસ્થિતિ એવી થાય છે કે ''ના સાથ રહ સકતે હૈ ન સાથ મર સકતે હૈ''

એવું હરગિજ નથી બનતું કે દરેક સંબંધો આપણને કયાં માટે અનુકૂળ જ રહે. એવું પણ બને કે કેટલાક સંબંધો આપણને અનુકૂળ ન હોય એ સંબંધો પ્રત્યે આપણે વફાદાર ન પણ રહી શકતા હોય, સંબંધો આપણે નિભાવી શકવા માટે અશક્તિમાન પણ હોઈએ. એવા સંબંધોમાં ખોટી ઔપચારિકતા દાખવીને હુંફ વગરના વ્યવહારો કરીને પીડા ભોગવતી રહેવી અને સ્નેહીજનોને પણ પીડા આપતી રહેવી એના કરતા બહેતર છે કે એવા સંબંધો ને વહેલી તકે અંત લાવી દેવો. સંબંધો જાળવવા તો ઉષ્મા અને હુંફ સાથે, સંપૂર્ણ આદર સાથે. એ સંબંધો અનુકૂળ ન હોય તો 'દેર હો જાયહ્લ તેના પહેલા તેનો અંત લાવી દેવો. આમ કરવામાં આપણું અને સ્નેહીજન નું બંનેનું હીત જળવાતું હોય છે.

ના... ના... બેટા તારા જેવા વ્હાલા દીકરાને છોડીને હું કઈ રીતે જઈ શકું

નવાં કલેવર

નટવર હેડાઉ

સુમંતભાઈ વર્ષો પહેલાં ગામડામાં રહેતા હતા. છોકરાંઓ મોટા થઈ ગયાં. મોટા દીકરાને શહેરમાં સારી નોકરી મળી ગઈ એટલે તે પિતાને પોતાની સાથે લઈ ગયો. નાનો દીકરો હજુ ગામમાં રહીને ખેતીવાડી સાચવતો હતો. સુમંતભાઈ કયારેક કયારેક ગામડે આવતા. તેનું કારણ એ હતું કે શહેરમાં રહીને સુમંતભાઈને એ.સી. અને કુલરમાં રહેવાની આદત પડી ગઈ હતી. પણ શહેરમાં કોરોનાના કેસો વધતાં ડરના માર્યા એ ગામડે આવી ગયા હતા.

આ વખતે તે લગભગ બે વર્ષે પોતાના ગામડે આવ્યા હતા. ગામડામાં તેમને જોઈને એવી સુવિધા ક્યાંથી મળે ? વીજલી તો હતી પણ કયારેક આવતી અને વળી કયારેક તો કલાકો સુધી જતી રહે ને પાછી જલ્દી આવે જ નહીં. ગામમાં જે ઘર હતું તેમાં એક પંખો હતો. પણ તે રીપેરીંગના અભાવે ખુબ ધીમો ફરતો હતો. સુમંતભાઈની એક જ ફરિયાદ હતી કે હવા નથી. ગરમીમાં તે પરસેવે રેબઝેબ થઈ જતા. શહેરમાં જવાનો વિચાર કરતા પણ ત્યાં તો દવાખાનાઓમાં લોકોને શ્વાસ લેવાની પણ ખુબ તકલીફો પડી રહી હતી. ઓક્સિજનનાં સિલિન્ડરો ખૂટી રહ્યાં હતા.

અહીં ગામડામાં તો બધા ઘરના આંગણામાં જૂના લીમડાના ઘટાટોપ ઝાડની નીચે ખાટલા નાંખીને સુઈ જતા. દિવસે તો સુમંતભાઈ પણ તેમનાં પાંચ-છ વર્ષના પૌત્રની સાથે ખાટલા પર સુઈને વાતો કરતા. તેણે રમાડતા એમ કરતાં દિવસ વીતી જતો પણ રાતે મુશ્કેલી પડતી. રાત્રે થોડીવાર આંગણામાં સુએ ને ગરમી લાગે એટલે વળી ધાબામાં સુવા જાય. પણ ત્યાં તેમની તકલીફ એ જ રહેતી કે કયાંક હવા નથી. છેવટે કંટાળે એટલે તે કહેતા જે થવાનું હોય તે થાય હું અહીં નહીં રહું. મારે શહેરમાં જવું જ પડશે.

એક દિવસ તેમના પૌત્ર રઘુએ કહ્યું દાદા, હવા ન હોવાની તમારી ફરિયાદ કાલ સુધીમાં દૂર થઈ જશે.' મેં સામે રહેલા રમણકાકાને કહી દીધું છે કે તે દર રવિવારે ગામડે આવે છે. કાલે આવતી વખતે તમારી માટે બહુ બધી હવા લેતા આવશે.'

સુમંતભાઈ એમ સમજ્યા કે કાલે જરૂર કોઈ સારો કારિગર આવશે. જે પંખો રિપેર કરી આપશે.

તો વળી આ તરફ રમણકાકા ને કંઈ સમજ પડતી ન હતી. તે પરેશાન હતા. હમણાં તો નજીકમાં રઘુ કે બીજા કોઈ છોકરાનો જન્મદિવસ નથી. એવો કોઈ ખાસ તહેવાર પણ નથી. તો પછી રઘુ એ ફુગ્ગા મંગાવ્યા શું કામ ? છતાં તે લઈ આવ્યા. અને રઘુને સોંપી દીધા.

રઘુ સીધો સુમંતભાઈ પાસે ગયો અને બોલ્યો. 'દાદા, તમારા માટે હવાની સગવડ થઈ ગઈ છે.'

'પણ બેટા, મારી તબિયત તો સારી છે. મને શ્વાસ લેવામાં કોઈ તકલીફ નથી. તો પછી...' સુમંતભાઈ બોલ્યા.

'દા, હું એવું ક્યાં કહું છું. મેં ઓક્સિજનનાં સિલિન્ડર નથી મંગાવ્યા. જૂઓ આ પચ્ચીસ ફુગ્ગા મંગાયા છે. જયારે તમને એમ લાગે કે હવા નથી ત્યારે એક ફૂગ્ગો ખોલી નાંખજો અને હવા લઈ લેજો. આવતા રવિવાર સુધી આટલાથી ચાલી જશે. આવતા રવિવારે બીજા મંગાવી લઈશું.'

તેની વાત સાંભળીને સુમંતભાઈ હસી પડ્યા. તે જોઈ રઘુ બોલ્યો, 'દાદાજી, હવે હવાનું બહાનું કાઢી મને મુખીને જતા નહીં રહોને ?'

'એમ વાત છે?' મને તારી પાસે રાખવા માટે તે હવાની સગવડ કરી.

સુમંતભાઈની આંખોમાં હર્ષના આંસુ છલકાઈ આવ્યાં. તેમણે રઘુને છાતી એ વળગાડ્યો અને બોલ્યા. 'ના... ના... બેટા તારા જેવા વ્હાલા દીકરાને છોડીને હું કઈ રીતે જઈ શકું. બધા એ જોયું કે તે દિવસે ધાબા પર રઘુ સાથે સુતેલા દાદાને સારી નિંદર આવી.'

મુઠ્ઠી રંગ કે કોરુ મન, તો વગડો બને વૃંદાવન..!

જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

આજના વિશ્વના માનવી પાસે બધુ જ સર્વોત્તમ હોવા છતાં એ સુખદ સુખ કે શાંતિની ક્ષણોથી સતત્ વંચિત અને પીડિત છે અલબત્ત તેનાં કારણો લાખો હશે તેમ છતાં એક બાબત ખુબ જ નોંધપાત્ર એ જોવા મળે છે કે તેની પાસે જે કંઈ ઉપલબ્ધ છે તેની શા માટે કિંમત કરતો નથી? અને સ્વયંની પાસે જે ઈશ્વરે ભેટમાં આપેલ હદય અને મન ને કેમ ભૂલી રહ્યો છે! માનવ જન્મ જ સજીવ સૃષ્ટિમાં એવો છે કે તેની પાસે કર્મ કરવા માટે યોગ્ય નિર્ણય લેવા માટે બુદ્ધિનું સત્વ કે તત્વ છે તેમ છતાં ગાડરિયા પ્રવાહમાં, તુલનામાં, રીતરિવાજમાં સ્પર્ધામાં કંઈ પણ વિચાર્યા વિના દોડતો જ જાય છે જે સમય જતાં તેને પીડાની બક્ષિસ સામે મૂકી આપે છે !! અપને રંગો કિ કિંમત ખુદ કો નહીં ફિર ક્યા કરે નજારો સે? સ્વયં પાસે જે પ્રાપ્ય છે તે શું છે અને તેનો ઉપયોગ તે કઈ રીતે કરે છે તેના આધારે આવતા દિવસો માટે તેનું ભાવિ તૈયાર થાય છે એ હકીકત સ્પષ્ટ છે. દરેક જગ્યાએ વૃંદાવન, મથુરા કે ગોકુળ જ છે જો કૃષ્ણની માફક તેની કહેતી વાત મુજબ જીવન જીવે તો સર્વ પીડા નહિ પરંતુ પ્રેમનું જગત હાજર જ છે! રામનું જીવન મર્યાદાઓમાં વ્યસ્ત હતું. ફરજપાલનમાં મગ્ન હતું એ પણ સમગ્ર જીવો ને પ્રેમ કરતા હતા. વનવાસ દરમિયાન નાનામાં નાના માણસોને પ્રેમ કર્યો. શબરીના એંઠા બોરમાં પણ માતાનાં પ્રેમનો અનુભવ કરી શક્યા તો કેવટની ઈચ્છાને પણ તેણે પૂરી રી જ્યાં જરૂર પડી ત્યાં ધનુષ્ય બાણથી સંહાર કરવામાં સહેજ પણ વિલંબ કર્યો નહીં તો કૃષ્ણ જેમ જેમ જીવનમાં આગળ ગયા તો પરિવર્તન ને હૃદયથી દિલથી સ્વીકૃત કર્યું અને ભૂતકાળને યાદ કરી કરી કદી ઉદાસ થયા જ ના હતા. ઉમંગ ઉત્સાહ અને જીવનજોશનાં એ ઈશ્વર જ પ્રેમમાં સર્વોત્તમ થયાં!! મન સાથે સંવાદ અટકી જાય તો માણસ ભટકી જ જાય !

પ્રશ્નો અને પીડાઓ પરિવર્તન ને આધિન છે એ કદી પણ અટકતા નથી તો ઉપાય શું છે? મુઠ્ઠી રંગનો મતલબ જ એ છે કે જે કંઈ લઘુત્તમ ઉમદા તત્ત્વ આપણી પાસે છે તેનો ઉપભોગ કોરા મન અર્થાત્ નિર્મળ ભાવથી સારી રીતે કરવો જેથી તમામ જગ્યાએ વૃંદાવન જેવી અનુભૂતિ અવશ્ય થશે. ઈશ્વરે જેમને વિપુલ પ્રમાણમાં દીધું છે એ માનવહિત કે સુખમાં વધુ વાપરે તો તેઓ પણ સુખનો અહેસાસ કરી શકે છે. જેમ કે જમશેદજી તાતાએ સૌથી વધુ દાન આપ્યાનાં અહેવાલ જાણ્યા તો દિલને આનંદ થયો. અન્યને સુખી કરવાના પ્રયાસોથી જ ખુશીનો જન્મ થાય છે પણ સમજણ એવી ઊભી થઈ છે કે બધું હું જ ભોગવી લઉં કે પામી લઉં - તેટલે તૃપ્તિ ગાયબ અને વધુ ભોગથી રોગ વધ્યા છે એ વાસ્તવિકતા છે. અન્ય નો કોઈ વિચાર ન આવે નહીં તો માનવું કે આપણે માનવ તરીકે પેદા થયા પણ ઈશ્વરીય આયોજન મુજબ જીવતા નથી!!

નિદા ફાઝલીનો સુંદર શૅર સમજવા જેવો છે.

'દુઆ કરો મૈં કોઈ રાસ્તા નિકાલ સકુ,
આપકો ભી દેખ સકુ ખુદ કો ભી સંભાલ સકુ.'

મહામારી, વાવાઝોડું, સુનામી, યુદ્ધ, ભુકંપ જેવી ઘટનાઓ વખતે જે મુઠ્ઠી ભર રંગ આપણી પાસે છે તેનો સત્વરે અન્યના જીવનમાં શાંતિ ઊભી થાય તે માટે વાપરવાનાં છે તેનાથી માત્ર તમે જ ઉત્સવ ના મનાવતા રહો કેમ કે બીજાના સુખમાં જ આપણું સુખ વસે છે આ શબ્દ પ.પૂ. પ્રમુખ સ્વામી મહારાજનાં છે. કૃષ્ણ પ્રેમનાં દેવતા એ કહી રડ્યા નથી અને બીજાને માર્ગદર્શન કરી જીવન ઉત્સવ મનાવતા માનવ જાતને શીખવ્યું છે. આ જ મોટુંપ્રેક્ટીકલ તત્ત્વજ્ઞાન છે. જીવનની ક્ષણભંગુરતા પણ સમજાવી અને દરેક વ્યક્તિ નિમિત્ત માત્ર હોય છે. તેનો ઉપદેશ આપ્યો. જીવન કદી કર્મ વિનાનું હોતું જ નથી. તો સ્વયંના કર્મોથી વૃંદાવન નજીક જઈ શકાય છે ત્યાં મનની શુદ્ધિ પૂર્વશરત છે.

'ઝાંખી એક જો 'સ્વ'ની થાય હૃદય મહી જ સર્વસ્વ રચાય.'

થોડામાં થી થોડું દાન કરવું એ વૃત્તિનો એક ઉમદા હિસ્સો બને તો જીવનમાં ઉજાશ અવશ્ય ઊભો થાય છે. આવકમાંથી દમસો - વિસમો ભાગ દાનમાં કાઢવો અને એ રીતે કમાણીને શુદ્ધ કરવાની પણ એક પરંપરા જોવા મળે છે હવે જે ખેલ છે એ બધો મનનો છે. મનને સમજાવવું કપરું હોય છે અને તદ્દન કોરું મન તો એક ઉમદા ખ્યાલ ગણી શકાય ! મન સાથે સંવાદ કરવો એ એક ઉપાસના છે દિલને નિર્મળ રાખવું એ સાધના છે અને દરિદ્રનારાયણની ખેવના કરવી એ ઉમદા માનવધર્મ છે જેમાં વૃંદાવનની ઝાંખી અવશ્ય ઊભી થાય છે. સૌંદર્ય નાશવંત છે તો કમાણી પણ કાયમી નથી એ વાત સમજાવવા જ પ્રભુએ પુષ્પો અને વૃક્ષોનું સર્જન કર્યું છે. રાત્રી દિવસ એ કાળચક્ર મનમાં સમજાય જાય તો રંગ ઉત્સવમાં જીવન શોભી ઉઠે છે. પ્રભુ બધાને પરસ્પરના પ્રેમથી સુખી કરે એ અભ્યર્થના.

શેર આસ્વાદ :

અગર નિયત અચ્છી હો તો, નસીબ કભી ભુરા નહીં હોતા